
# લીલું કરો ગામ તો મેઘ આવે આમ



એક ગામ હતું.

ગામનું નામ સુખપુર.

સુખપુર ગામમાં સૌ સુખી.

ગામમાં સૌ મહેનત કરે અને સુખથી રહે. પુરુષ, સ્ત્રી કે બાળક-બધાંય પોતાનાથી બનતું કામ કરે. આળસનું તો નામ નહિ. જ્યાં આળસ ન હોય ત્યાં દુ:ખ ક્યાંથી હોય ? આ સુખપુર ગામનાં માણસો જ સુખી એમ નહિ; એ ગામનાં જાનવરોય સુખી અને પંખીઓ પણ સુખી. મોરભાઈને મજા અને બકરીબાઈનેય મજા ! સૌને મજા અને સૌને સુખ. આવું હતું સુખપુર ગામ.

આ ગામનાં વરસો સુખભેર પસાર થતાં હતાં. પરંતુ ધીરેધીરે ગામમાંથી સુખ સરકવા લાગ્યું. એક-બે વરસ સુધી તો લોકોને આનો ખ્યાલ ન આવ્યો પણ ત્રીજે, ચોથે ને પાંચમે વરસે તો ગામ પાયમાલ ! કોઈનેય સુખ નહિ. પુરુષ, સ્ત્રી કે બાળકો- બધાંય મહેનત તો કરતા હતાં પણ મહેનતનાં ફળ નહોતાં મળતાં. સુખ જાણે સંતાઈ ગયું. જાનવરોને અસુખ થવા લાગ્યું. પંખીઓ પરેશાન થવા લાગ્યાં. મોરભાઈની મસ્તી ગઈ. બકરીબાઈ બિચારાં બેં થઈ ગયાં. આવા હાલ થઈ ગયા સુખપુર ગામના.

સુખપુર ગામની આવી હાલત થવાનું કારણ શું હશે ? પહેલાં તો અષાઢ મહિનાની શરૂઆત થતાં જ મેઘરાજાની સવારી આ ગામમાં આવી પહોંચતી. વાદળાં ગરજતાં, વીજળી ચમકતી અને વરસતો વરસાદ મુશળધાર ! અને હમણા છેલ્લાં ત્રણ-ચાર વરસથી તો મેઘરાજાની સવારી મોડી પડવા લાગી હતી અને નહિ જેવો વરસાદ થતાં આ પાંચમા વરસે તો અષાઢ મહિનો ઊતરી ગયો તોય વરસાદનું એક ટીપું ય નહિ !

ખેતરો તો ક્યારનાય ખેડાઈ ગયાં હતાં. વાવણી માટે વરસાદની વાટ જોવાતી હતી. બધા આકાશમાં તાકતા હતા. આકાશમાંથી તો લૂ ઝરતી હતી. ગરમીનો તો પાર નહિ. માણસો સાથે પશુ પંખીઓય મેઘરાજાને સાદ કરે પણ મેઘરાજાની સવારી દેખાય નહિ !

સુખપુર ગામની નદીના નીર સુકાયાં. કૂવામાં પાણી ઊંડા ગયાં. સૌને ચિંતા થવા લાગી. એક વાર તો ગામની બહાર પાદરમાં આખું ગામ ભેળું થયું. બધાએ આકાશ સામે જોઈને મેઘરાજાને મનાવવા પ્રાથના કરી : “ પધારો, મેઘરાજ, પધારો ! અમને બચાવી લો મેઘરાજ ! પધારો, પધારો !”

પ્રાર્થના કરીને બધા પોતપોતાને ઘેર જવા લાગ્યા. ગામના પાદરમાં હવે કોઈ જ ન હતું. હતો માત્ર એક છોકરો. ઉંમર એની દસ વરસની. નામ એનું દીપક. એને થયું : “ગામમાં હજુ ગરમી થશે. લાવ ખુલ્લામાં ફરી આવું.”

એ એકલો ફરવા ચાલ્યો. નદીને કાંઠેકાંઠે ચાલતો ગયો. આગળ જતાં એક ખેતરના શેઢે ઊભો રહ્યો. એની નજર ખેતરની વચમાં પડી. ઝાડનું એક ઠૂંઠું હતું. એની નીચે એક માજી બેઠાં હતાં. દીપકને નવાઈ લાગી. એમની પાસે ગયો. માજીના કરચલીવાળા ચહેરા પર આંસુની ધાર વહેતી હતી.

દીપકે પૂછ્યું : “માજી, કેમ રડો છો? કોણ છો તમે?”

માજીએ આંસુ લૂછતા કહ્યું : “હું ધરતી છું. મારી પર રહેતા બધાં મારાં સંતાન દુ:ખી છે. સૌનો જીવ જોખમમાં છે. આથી ખૂબ દુ:ખ થાય છે મને.”

દીપક કહે : “ધરતીમાતા, પ્રણામ. આ સંકટ દૂર કરવાનો કોઈ ઉપાય ખરો મા?”

ધરતીમાતા કહે : “બેટા, મેઘરાજને મનાવવાની જરૂર છે. ગમે તે કારણે એ સુખપુર ગામથી રિસાયા છે. મેઘરાજ મારો ભાઈ છે. મારાથી તો ચલાય જ નહિ. બેટા, મેઘરાજ તમારા તો મામા કહેવાય. એમની પાસે જવાની જરૂર છે.”

દીપક કહે : “મા, એમને મળીને શું કરવું?”

ધરતીમાતા કહે : “બેટા, પૂછવું કે કેમ નથી આવતા તમે? પછી તે કહે એમ વરતવું. એ જરૂર આવશે.”

દીપક કહે : “મારાથી એમને મળવા જવાય? ક્યાં રહે છે મેઘમામા?”

ધરતીમાતા કહે : “પેલા ડુંગરની ટોચે મળશે મેઘમામા. તારાથી જવાય એમની પાસે. કાલની પરોઢે તારી બાની રજા લઈને જજે. એકલો જ જજે.”

ઘેર આવીને દીપકે પોતાની બાને વાત કરી. બા કહે : “દીપુ, જરૂર જજે. સાથે ભાતું લઈ જજે. મામાને મળજે ને એમનો સંદેશો લાવજે.”

બીજા દિવસની પરોઢે દીપક પોતાની માતાના આશીર્વાદ લઈને મેઘમામાને મળવા રવાના થયો. નદીકાંઠે ચાલ્યો. પેલા ખેતરમાં બેઠેલાં ધરતીમાતાએ બે હાથ ઊંચા કરીને જાણે એને આશિષ આપ્યાં.

દીપકે ડુંગરની વાટ લીધી. બપોર પહેલા તો અડધાથી વધુ ઊંચે ડુંગર પર ચડી ગયો. થોડો થાક લાગ્યો પણ એણે પરવા ન કરી. ભૂખ લાગી. ભાતું ખોલીને ખાધું. પાછો ડુંગર ચડવા લાગ્યો. નમતા બપોરે દીપક ડુંગરની ટોચે હતો. અહીં તો બપોર જેવું લાગતું જ ન હતું. આસપાસ વાદળાં હતા. એક મોટા વાદળની વચમાં મેઘરાજ બેઠા હતા. એમણે હસીને દીપકને બોલાવ્યો : “આવ ભાઈ, અહીં આવવાનો મારગ કોણે બતાવ્યો તને ?”

દીપક કહે : “મામા, પ્રણામ. મારગ બતાવ્યો ધરતીમાતાએ.”

મેઘરાજ કહે : “ધરતી તો મારી બહેન. કેમ છે મારી બહેન?”

દીપક કહે : “મામા, અમે ધરતીમાતાના સંતાનો દુ:ખી છીએ એટલે તે પણ દુ:ખમા જ હોય ને ?”

મેઘરાજે પૂછ્યું : “શી તકલીફ છે, તમને?”

દીપક કહે : “મેઘમામા, તમે તો જાણો છો. તમારી મહેર વગર અમારું સુખપુર ગામ દુ:ખપુર થઈ ગયું છે. માણસો જ નહિ, પંખીઓ અને જાનવરો પણ બેહાલ થઈ ગયા છે. મામા મહેર કરો અને વરસો.”

મેઘરાજ કહે : “બિચારા પશુપંખીઓ પણ માણસ જાતને લીધે હેરાન થઈ ગયા !”

દીપક કહે : “માણસજાતે શો અપરાધ કર્યો છે તે કહો મામા. અમે અમારી ભૂલ સુધારીશું.”

મેઘરાજ કહે : "તમે લોકો મારા ભાઈબંધને ખૂબ હેરાન કરો છો, તેથી હું નારાજ છું."

હાથ જોડીને દીપકે કહ્યું : "મામા, અમે શું કરીએ છીએ તમારા ભાઈબંધને ? એમનું નામ તો કહો."

મેઘરાજ કહે : "એક ઠેકાણે ઊભા રહેતા મારા અબોલ ભાઈબંધોને તમારા ગામનાં માણસો હથિયારો મારે છે, કાપે છે. મને સખત ચીડ છે આ વાતની. એનું નામ છે ઝાડ. ઝાડ છાંયો આપે છે, ફળ આપે છે. તમે એને ઝૂડો છો. એનો સોથ વાળી નાખો છો. આવા ગામમાં હું કદી જતો નથી. મારા ભાઈબંધ ઝાડને સાચવો તો જ હું તમારા ગામમાં આવવાનું મન કરીશ."

દીપકે ગામલોકોને મેઘરાજનો સંદેશો કહ્યો. એ સાંભળીને ઝાડ કાપનારા સાત-આઠ માણસો આગળ આવ્યા અને પોતાની કુહાડીઓ ફેંકી દીધી. ભૂલ કબૂલ કરી સૌએ સાથે મળીને બચી ગયેલા ઝાડની પૂજા કરી. ખાડા ખોદ્યા. પાસેના જંગલમાંથી રોપ લાવ્યા. આખું ગામ આ કામમાં એવું ખોવાઈ ગયું. છ, આઠ પછી મહિનામા આકાશ ઘેરાયું. ! ગર્જના થવા લાગી. વીજળી ચમકવા માંડી. ધીમી ધારે વરસાદ થયો. ગામ રાજી, પશુ રાજી, પંખી મોરલો મસ્તીમાં ગાવા લાગ્યો. બકરીબાઈ માંડયા કૂદવા. સૌને રાજી જોઈને ધરતીમાતાએ હરખથી લીલી સાડી ઓઢી લીધી.

બધા કહે : "મેઘમામાનો સંદેશો ઝીલવાથી એ કેટલા રાજી થઈ ગયા ! હવે પછી એમનાં-ભાઈબંધ-વૃક્ષોને આપણે વાવી વધારીશું અને વિકસાવીશું-પછી તો કેવી થશે મામાની મહેર !"

માનશો ? આજે તો સુખપુર ગામની સીમ, પાદર ને આંગણાં જાતજાતના વૃક્ષોથી લીલાછમ છે. બસ, એ વૃક્ષોની ખાતર મેઘમામાની સવારી દર અષાઢના આરંભે હવે તો આવી જ જાય છે. ફરી સુખી થયું છે સુખપુર ગામ. આજે એ ગામમાં ગમે તેને પૂછો : "મેઘરાજને મનાવવા અમારે શું કરવું ?"

- તો એક જ જવાબ મળશે :

-"લીલું કરો ગામ તો મેઘ આવે આમ !"

-ઈશ્વર પરમાર

(શ્રેષ્ઠ બાળવાર્તાઓમાંથી)